


# મેઘરજ તાલુકામાં પાણી બચાવ યાત્રા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ઉનાળાના દિવસોની શરૂઆતની સાથે જ પાણી માટે વિકરાળ પરિસ્થિતિ પેદા થવાની શક્યતા છે. અગાઉના વર્ષમાં આ વિસ્તારમાં પાણી માટે ખુબ જ વલખા મારતા પરિવારો દૂર દૂર સુધી જઈ પીવાનું પાણી ભરતા તેવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આ વિસ્તારના આગેવાનોએ સ્વયંમ વાત્રક નદીની પુંજ મોટીપંડુલીથી નિલકંઠ સુધી પાણી શોધો, પાણી બચાવો યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ગુજરાત ખેડૂત સમાજના મંત્રી સાગરભાઈ રબારી અરવલ્લી જિલ્લા સદસ્ય જયેશ ગાંધી, પીચ ફાઉન્ડેશનમાંથી હિરેન વગેરે જોડાયા હતા. આ અત્યંત ફળદ્રુપ વિસ્તારમાં જમીનના નાના નાના ટુકડાઓમાં ઘઉં, ડાંગર, મકાઈ, તુવેર, આંબા, જામફળ વગેરે બાગાયતી પાકો પણ થઈ શકે છે. પરંતુ જમીનનો નીચેનો પટ પથરાળ હોવાના કારણે કુવા અને રીંગોના તળ સુકાઈ જાય છે. આ વિસ્તારમાં ડેમ અને નહેરનો અભાવ છે. પુરતા પ્રમાણમાં ચેકડેમો નથી તેવા સંજોગોમાં યાત્રાનો મુખ્ય હેતુ નદીના પટમાં ક્યાં ક્યાં ચેકડેમો કરી શકાય તેમ છે. તે શોધવામાં આવ્યા હતા. અને લોકો દ્વારા લોકફાળો કરવો તેમજ સરકારની મદદ થકી આ વિસ્તારમાં ખેડૂતો માટે ખેતીના અને પીવાના પાણી સગવડ થાય જેથી ખેડૂત સનૂદ થઈ શકે તેવી વાત મુકવામાં આવી હતી.



**પ્રાંતિજનું ગૌરવ : ચાર્મી ચૌહાણે રોલ બોલ સ્પર્ધામાં વિજય**

ગાંધીનગર જિલ્લાનાં ચિલોડા ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં રોલ બૉલ રમતની ઈન્વિટેશન સ્પર્ધામાં અન્ડર-૧૪ બીઆરબી ટીમ ગર્લ્સ પ્રથમ સ્થાને રહેતાં જેમાં ચાર્મી ચૌહાણ, હેલી શાહ, દેવાંશી પટેલ, ઝીલ કાકડીયા, દિયા ગઢવી અને હનીફા બથેજાનો સમાવેશ થાય છે તમામને કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

# ચિલોડા-શિહોલી માધ્યમિક શાળા ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ કેળવણી મંડળ સંચાલિત ચિલોડા માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાના પટાંગણમાં ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની કારકિર્દીની પરીક્ષાનો ૧૫મી માર્ચથી શુભારંભ થઈ રહ્યો છે ત્યારે શાળા દ્વારા શુભેચ્છા સમારોહ શિક્ષણ સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી પ.પૂ. સ્વામી ભાલ સ્વરૂપ દાસજી મહારાજના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારોહ શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગતગીતથી મહાનુભાવોનું સ્વાગત કરી મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શાળાના ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ શાળાના સંસ્મરણોરૂપે સુંદર પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે આમંત્રિત મહેમાનોમાં કાન્તિભાઈ એચ. પટેલ વકીલ, નટુભાઈ પટેલ-પત્રકાર, મનુભાઈ પ્રજાપતી-મગોડી હાઈસ્કુલના આચાર્ય, કાલીદાસભાઈ પટેલ, માનસિંગ ચૌધરી પ્રાથમિક શાળાના આચાર્ય, મંડળના સભ્ય કેશાભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, શામળભાઈ પટેલ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉંચી સિધ્ધિ પ્રાપ્ત કરી કારકિર્દીના ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્યશ્રી ચીમનભાઈ પટેલ તથા શાળા પરિવારે કાર્યક્રમ સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.




# આંગણવાડી મહિલાઓ દ્વારા સરકાર તેમજ સ્થાનિક પ્રશાસન સામે ગંભીર આક્ષેપો કરાયા

## હાઇકોર્ટ સુધી લડી લેવાની ચીમકી ઉચ્ચારાઈ

સમગ્ર બનાસકાંઠા સહીત ગુજરાતભર માં છેલ્લા ૨ દિવસથી આંગણવાડી કાર્યકર્તાઓ પોતાના વેતનને લઈ વિરોધ નોંધાવી રહી છે. જીલ્લામાં આજે બે દિવસથી ૨૦૦૦ થી વધુ આંગણવાડીમાંથી ૧૫૦૦ જેટલી આંગણવાડી બંધ છે. પોતાના પ્રશ્નોને લઈ મિલીભગતથી ગેરરીતી ચાલે છે. તે ઉપરાંત જ્યારે પણ સરકારની કોઈપણ સભા હોય કે મેળા હોય ત્યારે ભીડ ભેગી કરવા માટે



છે. પોતાની પડતર માંગણીઓ અને સ્થાનિક પ્રશાસન દ્વારા તેમના પર કરવામાં આવી રહેલા દમનને લઈ આજે પાલનપુર ખાતે જીલ્લા આંગણવાડી મહિલાની અગ્રણીઓએ પ્રેસ કોન્ફ્રેસ્ન્સ યોજી સરકાર તેમજ સ્થાનિક પ્રશાસન સામે ગંભીર આક્ષેપો કર્યા હતા.બનાસકાંઠા જીલ્લામાં બજેટ બાદ આંગણવાડી કાર્યકર્તાઓમાં રોષ ભભૂકી ઉઠ્યો આંગણવાડી બંધ હોવાથી જીલ્લા પ્રશાશન અને સ્થાનિક અધિકારીઓ આંગણવાડી કાર્યકર્તાઓ પર દબાણ લાવી રહ્યા છે. જેથી આજે પાલનપુર ખાતે જીલ્લા આંગણવાડી કાર્યકર્તાઓના આગેવાનોએ મીડિયા સમક્ષ આવી સ્થાનિક પ્રશાશનથી લઈ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. જીલ્લામાં અનેક જગ્યાએ સ્થાનિક અધિકારીઓની આંગણવાડી કાર્યકર્તા બહેનોનો ઉપયોગ કરવામાં આવે છે. મહિલાઓ અને બાળકો માટે આંગણવાડી બહેનો અથાગ પરિશ્રમ કરે છે. પરંતુ તેમને જોઈએ તેટલું વેતન મળતું નથી. આથી તેઓ આગામી સમયમાં ઉગ્ર વિરોધ કરી પોતાની માંગણીઓ માટે ઉગ્ર બનશે.તેમજ હાઈકોર્ટ સુધી લડી લેવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

## વિશ્વ મહિલા દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત રિવરફ્રન્ટ તેમજ અમદાવાદમાં થયેલા વિકાસના કામોની આછેરી ઝલક દર્શાવતુ પ્રેઝન્ટેશન પણ આ સરપંચોને દર્શાવવામાં આવનાર છે.

૮મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરનું મહિલા સંમેલન યોજાશે. જેમાં કેન્દ્રીય પ્રધાનો અને રાજ્ય મંત્રીમંડળના સભ્યો પણ જોડાશે.

ગાંધીનગર શહેરમાં આ મહિલા સરપંચોના નિવાસ માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

સાતમીએ જે સાત જિલ્લાઓમાં મહિલા સરપંચો જવાના છે તેમાં અમદાવાદ, અરવલ્લી, ગાંધીનગર, મહેસાણા, આણંદ, ખેડા અને સાબરકાંઠા જિલ્લાનો સમાવેશ થયો છે. આ માટે જિલ્લાના અધિકારીઓને પણ રૂટ તૈયાર કરવા માટેની જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું વિકાસ કમિશનરશ્રીની કચેરીના સૂત્રોએ જણાવ્યુ છે.

ગુજરાત સરકાર દ્વારા મહિલા વિકાસ માટે લેવાયેલા પગલાંઓની જાણકારી આપતી એક ટુંકી ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે અમલમાં મુકેલી નારી નીતિ, પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી જેવા મુદ્દાઓ અંગે પણ વિશેષ વાતો મહાત્મા મંદિરમાં રજુ કરવામાં આવનાર છે.

## ૭૨૮ ખેડુતોને કૃષિ વીજ જોડાણ માટે સોલાર પંપ

અમદાવાદ, તા.૨૬

કૃષિ ક્ષેત્રે આધુનિકતા લાવવાના હેતુથી અવનવા સાધનોની જાણકારી મેળવી ખેડુત તેનો ઉપયોગ કરતો થાય, જેથી વીજ બચત પણ થાય તેવા હેતુથી રાજયના પાંચ જિલ્લાના ૭૨૮ ખેડુતોને સોલાર પંપ ફાળવવામાં આવ્યા છે, તેમ કૃષિપ્રધાન ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કહી શકાય નહીં. પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીનો પક્ષ (તૃણમૂલ કોંગ્રેસ) અટલજીની ભાજપના વડપણવાળી અને મનમોહનની કોંગ્રેસના વડપણવાળી સરકારમાં સહભાગી હતો. જમ્મૂ-કાશ્મીરમાં જે પક્ષના નેતા શેખ અબ્દુલ્લાને શિરે ડો. શ્યામાપ્રસાદ મુખરજીની હત્યાનો આરોપ કરતાં જનસંઘ-ભાજપવાળા થાકતા નહોતા એ જ અબ્દુલ્લાના પક્ષ અને પુત્ર-પૌત્ર સાથે તેમણે સત્તાજોડાણ કર્યું હતું. એટલું જ નહીં, અત્યારે જમ્મૂ-કાશ્મીરમાં જે પીડીપી સાથે ભાજપનું જોડાણ છે એના પર હજુ વિધાનસભાની ચૂંટણી લગી વડા પ્રધાન મોદીએ આક્ષેપ કરવામાં કશું બાકી નહોતું રાખ્યું. જોકે મોદીના નેતૃત્વવાળા ભાજપની વ્યૂહરચનામાં પ્રાદેશિક પક્ષોને નબળા પાડીને કોંગ્રેસ સહિતના પક્ષમાંથી નેતાઓને પક્ષમાં લઈ ભાજપને મજબૂત કરવાની ગણતરી સવિશેષ જોવા મળે છે.

અને છેલ્લે...

ભારતના ઈતિહાસમાં ૧૭૫૭ (પ્લાસીનું યુદ્ધ), ૧૮૫૭ (અંગ્રેજો વિરુદ્ધ બળવો),૧૯૩૭ (બ્રિટિશ સત્તા હેઠળ ચૂંટણીઓ), ૧૯૪૭ (આઝાદી), ૧૯૬૭ (કોંગ્રેસ નબળી પડતાં સંવિદ સરકારો), ૧૯૭૭ (જનતા પાર્ટીની કેન્દ્રમાં સરકાર), ૧૯૮૭ (વી. પી.સિંહ રાજીવ સરકારમાંથી ફારેગ થઈ વડા પ્રધાનપદ માટે સજ્જ થયા ), ૧૯૯૭(અટલજીની ભાજપના નેતૃત્વમાં સરકાર રચવા માટે મંચ તૈયાર થવો) એ બધી ઘટનાઓ જોતાં ૨૦૧૭નું વર્ષ આવતાં વર્ષોના બિન-ભાજપી મંચને તૈયાર કરનારું વર્ષ જરૂર સાબિત થશે.

-haridesai@gmail.com

## આર્મી ભરતી કાંડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જુદા જુદા ભાગોમાં લીક કરવામાં આવેલા પેપરોના સંદર્ભમાં અહેવાલ આવ્યા બાદ દરોડાની કામગીરી હાથ ધરાઈ હતી. આ પરીક્ષા સવારે ૯ વાગે લેવામાં આવનાર હતી. મહારાષ્ટ્રના નાગપુર, થાણે, નાસિક અને ગોવામાં દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસને જુદી જુદી હોટલ અને લોજમાં ગઈકાલે મોડી રાત્રે કેટલાક ઉમેદવારોને પેપર લખાવી દેવામાં આવ્યા છે તેવી બાતમી મળી હતી. દરોડા પાડવામાં આવ્યા બાદ પોલીસે ૩૫૦ વિદ્યાર્થીઓને પણ પકડી પાડ્યા છે જે આ સમગ્ર મામલા સાથે જોડાયેલા છે. આર્મી હેડક્વાર્ટરને પણ આ મામલા અંગે જાણ કરવામાં આવી છે. તપાસ શરૂ થઈ ચુકી છે. પોલીસને શંકા છે કે, ટોપ આર્મી ઓફિસર દ્વારા આ કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું હતું. શહેર પોલીસ તરફથી તપાસનો દોર હાથ ધરાયો છે. આગામી દિવસોમાં થાણે ક્રાઈમ બ્રાંચને વધુ સફળતા હાથ લાગી શકે છે. આર્મી પરીક્ષા પહેલા પેપરો લીક થવાને લઈને સંબંધિતોમાં પણ ચકચારની સ્થિતિ જોવા મળી રહી છે. આર્મી પરીક્ષાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પકડી પાડવામાં આવેલા ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓના ભાવિને લઈને તપાસમાં હજુ સુધી કોઈ વાત કરાઈ નથી પરંતુ પોલીસનું કહેવું છે કે, જે વિદ્યાર્થીઓને પેપર લખાવી દેવામાં આવ્યા છે તેમની પરીક્ષાને રદ ગણવામાં આવશે. કોઈ ઉમેદવારને અન્યાય ન થાય તે બાબત ઉપર ખાસ ધ્યાન આપીને નવેસરથી પેપરની પણ વિચારણા ચાલી રહી છે. દરોડાની કામગીરીમાં પોલીસની જુદી જુદી ટીમો સક્રિય રહી હતી. આર્મી ઓફિસરોની સંડોવણી આમા નકારી શકાય નથી.

## યોજના નિષ્ફળ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. બંનેની પુછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાત એટીએસે બંને આતંકવાદીઓને જુદા જુદા વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યા છે જે પૈકી એકને રાજકોટમાંથી અને બીજાને ભાવનગરમાંથી પકડી પાડવામાં આવ્યો છે. બંને ટેકનિકલ નિષ્ણાત છે અને છેલ્લા એક વર્ષથી સોશિયલ મિડિયા પર સક્રિય હતા. બંને ભાઈ આઈએમઓ એપ્લિકેશન દ્વારા વાતચીત કરતા હતા અને સંપર્કમાં રહેતા હતા. આ બંને ત્રાસવાદીઓની ઓળખ વાસિમ અને નઈમ રમોડિયા તરીકે કરવામાં આવી છે. બુરખા પહેરીને વિડિયો ચેટિંગ પણ કરતા હતા. સિરિયા અને ઈરાકમાં બંને ભાઈ સીધા સંપર્કમાં હતા. બંનેની ધરપકડ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે, બંને સગા ભાઈ છે. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી કબજે કરાઈ છે જેને લઈને તપાસ ચાલી રહી છે. તેમની પાસેથી જે સામગ્રી ઝડપાઈ છે તેમાં ૯૦ ગ્રામ ગન પાઉડર, નવ વોલ્ટની બેટરીનો સમાવેશ થાય છે. તેમની સાથે કોણ કોણ સંકળાયેલા છે તેમાં તપાસ ચાલી રહી છે. બંને એક બે દિવસમાં જ બોંબ બ્લાસ્ટ કરવાનો ખતરનાક ઈરાદો ધરાવતા હતા. ભાવનગરમાં સ્થિત ફિરદોશ ફ્લેટમાંથી નઈમ આરીફ રમોડિયા નામના શખ્સને પકડી પડાયો છે. ગુજરાત એટીએસે વહેલી સવારે ઓપરેશન પાર પાડ્યું હતું. ભાવનગર પોલીસને પણ આ અંગે જાણ કરવામાં આવી ન હતી. તેની પાસેથી લેપટોપ, બે મોબાઈલ કબજે કરાયા છે. બીજી બાજુ અન્ય એકને રાજકોટમાંથી પકડી પડાયો છે. બંને છેલ્લા એક વર્ષથી સોશિયલ મિડિયા ઉપર સક્રિય થયેલા હતા. એટીએસના ડીએસપી કેકે પટેલે માહિતી આપતા કહ્યું છે કે, બાતમીના આધારે ગુજરાત એટીએસને આ મોટી સફળતા મળી છે. ચોટિલા જેવા ધાર્મિક સ્થળો ઉપર હુમલા કરવાની તેમની ઘાતક યોજના હતા. બાતમી મળ્યા બાદ એટીએસ દ્વારા ગઈકાલે મોડી રાત્રે જ બે ટીમો બનાવી દેવામાં આવી હતી. આ લોકો બોંબ બનાવવા માટેની સામગ્રી સાથે તૈયાર હતા અને આગામી બે દિવસમાં હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તેમની ધરપકડની સાથે જ મોટા આતંકવાદી હુમલાની ઘાત ટળી ગ ઈ છે. પટેલે કહ્યું હતું કે, પોલીસે કોમ્પ્યુટરો જપ્ત કર્યા છે જેમાં વાંધાજનક અને પ્રતિબંધાત્મક સામગ્રી મળી આવી છે. ટ્વિટર અને અન્ય સોશિયલ મિડિયા નેટવર્ક મારફતે દેશની બહાર આઈએસના આકાઓ સાથે તેઓ સીધા સંપર્કમાં હતા. એટીએસ એસપી હિમાંશુ શુક્લાએ કહ્યું છે કે, આ વાસ્તવિકતા છે કે ચોટિલા મંદિર તેમના ટાર્ગેટમાં સૌથી ઉપર હતું પરંતુ હાલના તબક્કે વિગત આપી શકાય તેમ નથી. આ મહિનાની શરૂઆતમાં એનઆઈએ દ્વારા કેરળના એક નિવાસીની ધરપકડ કરાઈ હતી જે આઈએસ મોડલ સાથે જોડાયેલો હતો. ગયા વર્ષે એટીએસ રાજસ્થાને સિકર જિલ્લામાં આઈએસના એક કુખ્યાત શખ્સની ધરપકડ કરી હતી જે દુબઈમાંથી આતંકવાદી સંગઠન માટે ફંડ એકત્રિત કરવાની ગતિવિધિમાં સામેલ હતો. આ સફળતાને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. એવું પણ જાણવા મળ્યું છે કે, જે આકા સાથે આ બંને સંપર્કમાં હતા તેમના પ્રોફાઈલ નામ બિટકેટ હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ દિવસ પહેલા જ ધાર્મિક સ્થળ ઉપર હુમલાની યોજના બનાવવામાં આવી હતી. સુરક્ષાના કારણોસર હુમલાની યોજના સફળ થઈ ન હતી. ગુજરાતમાં પ્રથમ વખત આઈએસના લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# આ પણ વાંચીએ...

### ● દુનિયાની સૌથી સુંદર છે અહીંની મહિલાઓ



સુંદરતાના મામલે સમગ્ર દુનિયાની મહિલાઓને પાછળ રાખનાર મહિલાઓ પાકિસ્તાનના કારાકોરમ પહાડી વિસ્તારમાં રહે છે. અહીંની હુંજા જાતિની મહિલાઓની સુંદરતાની ચર્ચા સમગ્ર વિશ્વમાં છે. તેઓ દેખાવે પોતાની ઉંમરથી ખુબ નાની દેખાય છે. સૌંદર્યની સાથે સાથે તેઓનું સ્વાસ્થ્ય પણ એટલું સરસ છે કે ૬૫ વર્ષની વૃદ્ધાઓ પણ બાળકોને ખુબ સરળતાથી જન્મ આપી શકે છે. અહીંના લોકોનું આયુષ્ય ૧૨૦ વર્ષ સુધીનું હોય છે. અખરોટ જેવા સુકામેવાનો ઉપયોગ તેઓ દરરોજ કરતાં હોવાથી ખુબ જ સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેતા હોવાથી તેઓ ખુબ જ સ્વસ્થ અને સુંદર રહે છે.

### ● મહિલાના પેટમાંથી ડોક્ટરોએ કાઢ્યું એક ફૂટ લાંબુ વેલણ



દર્દીના પેટમાંથી કાતર, રૂમાલ, ટુવાલ કે અન્ય નાની-નાની વસ્તુઓને કાઢવામાં આવે છે તેવુ તો ઘણીવાર સાંભળ્યુ છે પરંતુ જયારે ઉત્તરાખંડના હલ્દાનીમાં એક મહિલાના પેટમાંથી એક ફૂટ લાંબુ વેલણ કાઢવામાં આવ્યુ ત્યારે ડૉક્ટર સહિત સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પેટના દુઃખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ થયેલી એક નેપાળી મહિલાના પેટનું જ્યારે ઓપરેશન કરવામાં આવ્યુ ત્યારે તેમાંથી રોટલી વણવાનું એક ફૂટ લાંબુ વેલણ નીકળ્યુ હતુ. તેના પેટમાં તે કેવી રીતે પહોંચ્યુ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

### ● હવે વૃક્ષો પર પણ પેદા થઈ શકશે વીજળી



આપણે ઘણીવાર લોકોને કહેતાં સાંભળ્યા છે કે પૈસા ઝાડ પર નથી ઉગતા. આ સત્ય છે. પરંતુ આ પણ સત્ય છે કે ટુંક સમયમાં વૃક્ષો પર પાંદડાઓ, ડાળીઓ, ફળોની જેમ વીજળી પણ ઉગશે. વૈજ્ઞાનિકોએ એક એવુ વૃક્ષ વિકસીત કર્યુ છે જે વીજળી ઉત્પન્ન કરશે. જ્યારે પવન આ વૃક્ષમાંથી પસાર થશે ત્યારે વીજળી પેદા થશે. આ ટેકનોલોજી અમેરિકા સ્થિત ઈથવા યુનિવર્સિટીના સંશોધકોએ શોધી છે.

# તલોદના વાવડી ગામે તળાવમાં ડુબી જતાં આધેડનું મૃત્યુ

તલોદ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના વાવડી ગામના તળાવમાં પડી જતાં, ડુબી જતા અને વધુ પાણી પી જતા ૫૩ વર્ષની વયના દિપસિંહ ઝાલા નામના આધેડનું કરૂણ મોત નિપજ્યું હતું.

અકસ્માતે થયેલ આ જીવલેણ ઘટનાની વિગત કંઈક એવી છે કે વાવડી(સોનીસર) ગામના દિપસિંહ ભવાનસિંહ ઝાલા કોઈક અગમ્ય કારણોસર ગામના જ તળાવમાં પગ લપસતા ઘરબાઈ ગયા હતા. એક ચર્ચા મુજબ ભેંશના પાડાં સાથે તળાવમાં ઉતરતા જ અકસ્માતે તેમનો પગ લપસી ગયો હતો અને તે તળાવના પાણીમાં ડૂબવા લાગ્યા હતા. તેઓને તળાવમાં ડુબતા જોતાં જ લોકોએ કાગારોળ મચાવી હતી. જેથી ઘટનાસ્થળે લોકો દોડી પહોંચ્યા હતા. જ્યાં ઝાલાને તળાવમાંથી બહાર સલામત રીતે કાઢવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જો કે કમનસીબે લોકોના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા હતા અને જળસમાધિ રૂપે જ તળાવના ઊંડાણમાં જ દિપસિંહે આખરી શ્વાસ લીધો હતો.

અકસ્માતે તેઓનું મોત થયાની જાણ તલોદ રેફરલ હોસ્પિટલના તબીબે તલોદ પોલીસને કરી હતી. જે અન્વયે નોંધાયેલા અકસ્માતે મોતના ગુનાની તપાસ એ.એસ.આઈ. બાબુભાઈ જોધાભાઈ ચલાવી રહ્યા છે.

## પાંચમાં તબક્કાનું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદારો તેમના મતાધિકાનો ઉપયોગ કરવા માટે સજ્જ છે. અમેઠીમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં જે મહત્વપૂર્ણ ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે તેમાં ગાયત્રી પ્રસાદ પ્રજાપતિ, ગરીમા સિંહ, વિનોદ કુમાર ઉર્ફે પંડિત સિંહ, તેજ નારેન પાન્ડે ઉર્ફે પવન પાન્ડેઅને બસપના રાજ્ય પ્રમુખ રામ આંચલનો સમાવેશ થાય છે. આ તબક્કામાં પુરૂષ મતદારોની સંખ્યા ૯૫ લાખ છે. જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૮૯ લાખ છે. ચોથા તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ હજુ સુધી કુલ ૨૬૨ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. યુપીમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટ મતદાન થશે.ઉત્તરપ્રદેશમાં રાજકીય પક્ષો એકબીજાને પછાડી દેવા માટે તમામ તૈયારી કરી ચુક્યા છે.મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે યોજાશે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને જોરદાર ઉત્સાહ મતદારોમાં હાલમાં જોવા મળી રહ્યો છે. ચૂંટણી ખૂબ જ શાંતિપૂર્ણ ચાલી રહી છે.યુપી ઈલેક્શન વોચ એન્ડ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે છ રાષ્ટ્રીય પાર્ટી સહિત ૭૫ રાજકીય પાર્ટીના ઉમેદવાર ભાગ્ય અજમાવી રહ્યા છે. પાંચમા તબક્કામાં મતદાન પહેલા ૬૧૭ ઉમેદવારો પૈકી ૬૦૮ ઉમેદવારોની એફિડેવિટમાં તપાસ કરવામાં આવી હતી. પાંચમાં તબક્કામાં છ રાષ્ટ્રીય પક્ષો, ચાર રાજ્ય પક્ષો, ૬૫ બિનમાન્યતાપ્રાપ્ત પક્ષો અને ૨૨૦ અપક્ષ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે.